મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૬ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં યોજાઈ ત્રિરંગા યાત્રા

રામકથા મેદાન ખાતે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત નગરજનોને દેશ ભક્તિ અંગે સંકલ્પ લેવડાવતા કલેકટરશ્રી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં ૭૨મા સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યા ત્રિરંગા યાત્રા તેમજ યાદ કરો કુરબાની અંગેના યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગરવાસીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ટાઉનહોલ ખાતેથી યોજાયેલ ત્રિરંગા યાત્રાને લીલી ઝંડી ફરકાવીને ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર અને જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ પ્રસ્થાન કરાવ્યું હતું.

આ ત્રિરંગા યાત્રામાં બાઈક પર સવાર પોલીસ જવાનોએ રાષ્ટ્રધ્વજ સાથે તથા અન્ય નગરજનો બાઈક રેલીમાં જોડાયા હતા. ત્રિરંગા યાત્રા ટાઉનહોલ થી ચ રોડ પર ગઈ હતી. ત્યાંથી ચ-૩ સર્કલ થઈ રામકથા મેદાન, સેકટર-૧૧ ખાતે પહોંચી હતી. દેશ ભક્તિના ગીતો સાથે યોજાયેલ આ અનોખા કાર્યક્રમમાં ગાંધીનગર શહેરની વિવિધ શાળાઓના બાળકો તેમજ વિશાળ સંખ્યામાં નગરજનોએ યાત્રામાં ભાગ લીધો હતો. રામકથા મેદાન ખાતે સમાપન સમારોહ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે. લાંગાએ રાષ્ટ્રધ્વજને ફુલહારથી સન્માન કરી મશાલ પ્રજ્વલિત કરીને નાગરિકોને દેશ ભક્તિ અંગે સંકલ્પ લેવડાવ્યા હતા.

કલેકટર એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, આઝાદી અનેક બિલદાનો પછી મળી છે, ત્યારે આઝાદીના મૂલ્યો ન ભુલાઈ જાય તેવા ઉમદા આશયથી રાજય સરકારે ૭૨ મા સ્વાતંત્રય પર્વની પૂર્વ સંધ્યાએ ત્રિરંગાયાત્રા અને યાદ કરો કુરબાનીનો અનોખો કાર્યક્રમ યોજીને દેશ ભક્તિ પ્રત્યે નાગરિકો અને યુવાનોમાં દેશ પ્રત્યે સન્માન અને સમર્પણની ભાવના પેદા કરી છે.

આ પ્રસંગે વિવિધ દેશભક્તિના ગીતો સાથેના સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતા.

આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડા, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈ સહિત અધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

@ગાંધીનગર

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા શિવ આરાધના પૂજા પાઠ રાત્રે ૯ કલાકે ભાવિકકુમાર ડી. પાઠક ૪૩૩/૨, કિસાનનગર ખાતે યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્રાવણ સુદ-પના રોજ ગિરીરાજ ઉપર શ્યામ ઘટાના હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે બહુવિધ ચોકલેટના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે પથી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● વૈજનાથ મહાદેવ સે-૨૧ ખાતે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સવારે ૯ થી ૧૨ દરમિયાન રકતદાન શિબિર યોજાશે.

● ઓમકાર પાન પાર્લર સે-૨૧ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અને રકતદાન કેમ્પ સવારે ૮.૩૦ કલાકે સે-૨૧ ઓમકાર પાનપાર્લર ખાતે યોજાશે.

● લોહાણા યુવા સંગઠન દ્વારા વાર્ષિક સામાન્ય સભા બપોરે ૩.૩૦ કલાકે જલારામ મંદિર સે-૨૯ ખાતે યોજાશે.

● નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ અને આર્યસમાજ દ્વારા હાસ્ય યોગ થેરાપી કાર્યક્રમ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન આર્ય સમાજ સે-૨૪ ખાતે યોજાશે.

● ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી ક્રિષ્ના ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે-૧૨ આંબેડકર હોલ ખાતે રાત્રે ૯ કલાકે સંતવાણી લોક ડાયરો યોજાશે.

સ્કૂલ ઓફ અચિવર ખાતે 'રાષ્ટ્ર-આરાધન' કાર્યક્રમની ઉજવણી

ધોરણ-૧ થી ૫ના નાના બાળકોએ સ્વાતંત્ર્ય શિલ્પીઓના પરિવેશમાં તેમની પ્રતિભા દર્શાવી

ગાંધીનગર, તા.૧૪

સ્કૂલ ઓફ અચિવર, કુડાસણ ખાતે તા. ૧૧મી ઓગષ્ટના રોજ દેશની ગરિમાને ઉપસાવતો અને દેશ પ્રેમમાં તરબોળ કરતો 'રાષ્ટ્ર-આરાધન' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રવંદના ગીત દ્વારા કરવામાં આવી હતી ધો-૧ થી ૫ના નાના બાળકો સ્વાતંત્ર્ય શિલ્પીઓના પરિવેશમાં તેમની પ્રતિભા દર્શાવી ગયા હતા. ધોરણ-૬ થી ૮ના બાળકોએ પણ પોતાનો દેશપ્રેમ હાઉસ વાઈસ ડાન્સ પર્ફોમન્સમાં પ્રદર્શિત કર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ, શાળાના આચાર્ય, ઉપાચાર્ય અને તમામ શિક્ષકગણની હાજરીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. બાળકોને પ્રોત્સાહન મળી રહે તે આશયથી વિજેતા વિદ્યાર્થીઓને કાર્યક્રમના અંતમાં પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બાળકોમાં નિહિત ગજબની શિસ્ત અને દેશભક્તિ તાદશ બન્યા હતા. કાર્યક્રમનું સમગ્ર સંચાલન સ્કૂલની વિદ્યાર્થી બોલડીએ સફળતાપૂર્વક કર્યું હતું. આ ઉપરાંત અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે દેશભક્તિ પ્રદર્શિત કરતી કલાસવાઈઝ નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી.

શહેરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં તા. ૧૫મી ઓગષ્ટે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સરકારી કાર્યક્રમ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજિક તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે. શહેરમાં વિવિધ સામાજિક તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના ભાગરૂપે ધ્વજવંદન સહિત વિવિધ રચનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યાં છે. જે અંતર્ગત બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો યોજાશે.

● જાગૃત વસાહત ફોરમ, સેકટર-૧૪

સેકટર-૧૪માં જાગૃત વસાહત ફોરમ દ્વારા ગુમા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી સવારે ૯ કલાકે ગુમા સ્પોર્ટસની સામે ધ્વજવંદન કાર્યક્રમ આયોજિત કર્યો છે. આ કાર્યક્રમમાં એરફોર્સના નિવૃત્ત ફ્લાઈંગ ઓફિસર ઉમેશ ગુમાના હસ્તે ધ્વજવંદન કરાશે તેમજ આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ગોલ્ડમેડાલિસ્ટ ખેલાડી રાજીવ ગુમા ઉપસ્થિત રહેશે. આ ઉજવણીમાં શૌર્ય ગીતોની રમઝટ તથા નાના બાળકો માટે રમતગમત વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

● હેપ્પી યુથ ક્લબ

ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા પણ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી માટે આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરમાં સવારે ૭ કલાકે ઘ-૫ સરક્લથી ગૂંજ ફાઉન્ડેશન તથા રાધે રાધે ગ્રૂપ દ્વારા આયોજિત શૌર્ય મહાયાત્રામાં હેપ્પીયુથ ક્લબની ટીમ જોડાશે. આ મહાયાત્રા બાદ સવારે ૧૧ કલાકે સેકટર-૧૨માં બલરામ મંદિર ખાતે હેપ્પી યુથ ક્લબ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવશે અને ત્યારબાદ બલરામ ભવનના હોલમાં દેશભક્તિના ગીતો-ગરબા સાથે સંસ્થાનો ગેટ-ટુ-ગેધર કાર્યક્રમ યોજાશે.

મહાનગરપાલિકા ખાતે ધ્વજવંદન

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય પર્વ સ્વંતત્રતા દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. બહુમાળી ભવન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાના હસ્તે સવારે ૯.૩૦ કલાકે ધ્વજવંદન કરાશે.

આરાધના વિદ્યાવિહાર ખાતે પૂજય પ્રમુખસ્વામી મહારાજના આદર્શ જીવનના વિચારો અંગે યોજાયેલ કાર્યક્રમ

આરાધના વિદ્યાવિહાર સે-૨૮ ગાંધીનગર ખાતે બી.એ.પી.એસ. સંસ્થા સંચાલિત અક્ષરધામ સ્વામિનારાયણ મંદિર, સે-૨૦ ખાતેથી હરિભકતો પધાર્યા હતા. શાળામાં પરમ પૂજય પ્રમુખ સ્વામીજીના સ્મૃતિ દિનના ઉપલક્ષમાં હરિભકત અરવિંદભાઈ વાઘરોડિયા અને અશ્વિનભાઈ ઠાકરે પરમ પૂજય પ્રમુખ સ્વામી મહારાજના પવિત્ર આદર્શ જીવનના વિચારો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડયા હતા. વ્યસનમુકિત, સ્વચ્છતા, સદાચારી જીવન, સંસ્કાર ઘડતર, બીજાના ભલામાં આપણું ભલું જેવી જીવન ભાવના સાથે જોડાયેલ વાતો કહી હતી તથા વિદ્યાર્થીઓને પોકેટ કેલેન્ડર અને શિક્ષક મિત્રોને પુસ્તિકાનું વિતરણ કર્યું હતું. આ નિમિત્તે શાળાના આચાર્ય વસંતભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે સમગ્ર શૈક્ષણિક સ્ટાફ તથા વહીવટી સ્ટાફે સહયોગ આપ્યો હતો.

સેકટર-૬ ખાતે આવેલ ડિવાઈન જૂનિયર પ્રિસ્કૂલમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાષ્ટ્રગાન તથા બાળકોના દેશભક્તિના ડાન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના ભૂલકાંઓએ રાષ્ટ્રધ્વજના રંગો પ્રમાણે પોષાક પહેરીને રાષ્ટ્રધ્વજનો આકાર બનાવ્યો હતો. સ્થાપક ગિરા ચૌધરી દ્વારા સમગ્ર કાર્યક્રમ તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે જહેમત ઉઠાવવામાં આવી હતી.

આજે મહર્ષિ અરવિંદની જન્મજયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત શ્રી અરવિંદ કેન્દ્ર દ્વારા મહર્ષિ અરવિંદની જન્મજયંતિ નિમિત્તે તા. ૧૫મી ઓગષ્ટ બુધવારે કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાસ્ત્રીય નૃત્યમાં કથક, ભરતનાટયમ, તબલા વાદન તેમજ દેશભક્તિના જૂન તથા નવા ગીતો વરસાદી માહોલના મધુર ગીતો અને શિવજીના જાણીતા સમૂહ ગીતો રજુ કરવામાં આવશે. આ કાર્યક્રમ સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન યોજાશે. આ પ્રસંગે અરવિંદ કેન્દ્ર દ્વારા તેના તમામ વિદ્યાર્થીઓ તેમજ શહેરના સંગીતપ્રેમી શ્રોતાજનોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વિક્રમ સારાભાઈ જન્મ જયંતિ અંતર્ગત કાર્યક્રમમાં જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થી પ્રથમ સ્થાને

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે અવકાશ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈની જન્મ જયંતિ અંતર્ગત અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૨-૮-૨૦૧૮ને રવિવારના રોજ યોજાયેલ કાર્યક્રમમાં શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિકોના પહેરવેશ સાથે આવ્યા હતા અને વૈજ્ઞાનિકોની સંસદમાં ભાગ લીધો હતો. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ૯ જેટલા વિદ્યાર્થીઓએ વેશભૂષા સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાંથી પ્રિયાશુ બી. પનારાએ જોન લુઈસ ગીલેનો વેશ પરિધાન કરી સુંદર રજુઆત સાથે પ્રથમ નંબર પ્રાપ્ત કરી રૂ. ૫૦૦ રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. સુંદર રજુઆત અને પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર પ્રીયાંશુને શાળાના આચાર્યા નીવાબેન પટેલ તથા શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

વિશ્વકર્મા ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ ગાંધી આશ્રમે

ગાંધીનગર પાસેના ચાંદખેડા સ્થિત વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના પાવર ઈલેકટ્રોનિકસ વિભાગના ૪૦ વિદ્યાર્થીઓ તથા ૨ પ્રાધ્યાપકોએ સ્વાતંત્ર્ય દિનને અનુલક્ષીને મહાત્મા ગાંધીના સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ગાંધીજીની જીવનશૈલી અને કાર્ય પધ્ધતિ અંગે વિદ્યાર્થીઓએ માહિતી પ્રાપ્ત કરી હતી અને આશ્રમની મુલાકાતથી પ્રભાવિત થઈને તેને જીવનની યાદગાર ક્ષણ ગણાવી હતી.

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પાંચમા સમૂહ યજ્ઞોપવિતનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા તા. ૨૪-૨-૨૦૧૯ને રવિવાર સંવત ૨૦૭૫ ફાગણ વદ છઠના રોજ ૩૧ બટુકો માટે પાંચમા સમુહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમમાં તા. ૨૩-૨-૨૦૧૯ના શનિવારે રાતના ૮ વાગે રાસ ગરબા અને અલ્પાહાર રાખવામાં આવેલ છે. બીજા દિવસે સવારે ૬ વાગ્યાથી ૩૧ શાસ્ત્રોકત બ્રાહ્મણો અને વિદ્વાન આચાર્ય સાથે સમુહ યજ્ઞોપવિતની વિધિ ચાલુ થશે. આ સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમમાં સમસ્ત બ્રહ્મસમાજના જે કોઈ વાલીએ બટુકને યજ્ઞોપવિત ધારણ કરાવવાની ઈચ્છા હોય તેમણે સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ના પ્રમુખ નરેન્દ્ર વ્યાસ મો. ૯૮૯૮૦ ૩૨૬૫૯ અને સે-૨૩ કારોબારી સભ્યશ્રીનો સંપર્ક કરી નામ નોંધાવી શકાશે તેમજ બ્રહ્મભવન સે-૧૬ ખાતે સંપર્ક કરી ફોર્મ મેળવી અને તા. ૨૬-૧-૨૦૧૯ સુધીમાં પરત કરવા વિનંતી છે. વધુમાં વધુ ૩૧ બટુકોને યજ્ઞોપવિત આપવાનું નક્કી કરવામાં આવેલ હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ સ્વીકારવામાં આવશે તેવું બ્રહ્મસમાજની અખબારી યાદીમાં જણાવાયું છે.

ટૂંકી વાર્તાની વિભાવના અને રચના વિશે શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સેકટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓને ટૂંકી વાર્તાની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે અને ટૂંકી વાર્તાનું લેખનકાર્ય કરે તે હેતુથી તા. ૧૪-૮-૨૦૧૮ના રોજ આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમમાં સાહિત્ય પ્રવિણભાઈ જોશીએ વાર્તા એટલે શું? ટૂંકી વાર્તામાં કથાવસ્તુ, પાત્ર લેખનકલા, ભાષા શૈલી, સંવાદ કલા અને સંઘર્ષ કેવો હોવો જોઈએ એના વિશે ઝીણવટપૂર્વકની માહિતી આપી વિવિધ વાર્તાકારોની વાર્તાઓ રજૂ કરી હતી, આ કાર્યક્રમમાં નર્સીંગ કોલેજના કેમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસ તેમજ ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ સંસ્થા પરીવાર વતી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અસ્મિતા પટેલે કર્યું હતું.

સંત ભોજલરામ મંદિરના પાટોત્સવ અને વિદ્યા પુરસ્કાર સમારંભનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ મિત્ર મંડળ દ્વારા આગામી તા. ૧૯મી ઓગસ્ટ રવિવારે સવારે સેકટર-૭માં સંત ભોજલરામ મંદિરના ૧૮મા પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તેજ દિવસ બપોરે ૩ કલાકે સે-૧૭માં ટાઉનહોલ ખાતે ૩૦મા વિદ્યા પુરસ્કાર સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સંત ભોજલરામ મંદિરની પાટોત્સવ વિધિ પંચદેવ મંદિરના શાસ્ત્રી નિલકંઠ ફુલશંકર દ્વારા કરવામાં આવશે. વિદ્યા પુરસ્કાર સમારંભમાં કેળવણીકાર મનુભાઈ ગોંડલીયા તેમનું વકતવ્ય આપશે. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ દ્વારા સમાજના સભ્ય પરિવારના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે.

વોર્ડનં.૭ના બગીચામાં અંધકાર દુર કરવા ઉગ્ર રજુઆત

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં સેકટર-૩-૫-૬માં આવેલા જાહેર બગીચામાં લાઈટો બંધ હાલતમાં છે જેના મીટર હયાત નથી. બગીચામાં રાત્રીના સમયે અંધકાર હોવાથી અસામાજિક તત્ત્વોનો ભય રહે છે. બગીચામાં અસામાજિક તત્ત્વો દ્વારા તેમની પ્રવૃત્તિઓએ માઝા મુકેલ છે. ચોરી લુંટફાટ જેવા બનાવોની બીક રહે છે વારંવાર રજુઆત કરવા છતાં કોઈ નકકર કાર્યવાહી થતી નથી. ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર રાકેશભાઈ જી. પટેલે તાત્કાલીક અસરથી લાઈટો રીંપેરીંગ કરવા વિનંતી કરી છે.

રાજયકક્ષાની સ્કૂલ લીગ વૉલીબૉલ ટૂર્નામેન્ટમાં માણસાની ટીમનો ડંકો

સ્કૂલ લીગની અન્ડર-૧૯ વૉલીબૉલ ટૂર્નામેન્ટમાં માણસાની બ્લીસ ઈન્ટરનેશનલ સ્કૂલની અંગ્રેજી માધ્યમ ચેમ્પિયન અને ગુજરાતી માધ્યમ રનર્સ અપ બની : બંને ટીમોએ મળીને સાત લાખના ઈનામ જીત્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના માણસાની અન્ડર-૧૯ કેટેગરીના બાળકોની વૉલીબૉલ ટીમોએ રાજયભરમાં ડંકો વગાડી દીધો છે. ગુજરાત રાજય સરકાર દ્વારા આયોજિત સ્કૂલ લીગની રાજકક્ષાની વૉલીબૉલ ચેમ્પિનશીપમાં માણસાની બ્લીસ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલની અન્ડર-૧૯ વય જુથની અંગ્રેજી માધ્યમની ટીમ ચેમ્પિનય બની છે જયારે ગુજરાતી માધ્યમની ટીમ રનર્સઅપ રહેવા પામી છે અને બંને ટીમોએ મળીને કુલ રૂ. ૭ લાખના ઈનામો જીત્યા છે.

રાજય સરકારના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા વિવિધ રમતોની સ્કૂલ લીગ સ્પર્ધાઓનું આયજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેર-ગ્રામ્ય કક્ષાથી માંડીને જિલ્લા અને અંતે રાજયકક્ષાની સ્પર્ધા રમાડવામાં આવી હતી. રાજયકક્ષાની વૉલીબૉલ સ્પર્ધા નડિયાદ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે યોજાઈ હતી. જેમાં પ્રથમ વિજેતા પદે બ્લીસ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ અંગ્રેજી માધ્યમની ટીમ જીતી છે જયારે રનર્સ અપ તરીકે બ્લીસ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ગુજરાતી માધ્યમની ટીમ બની હતી જયારે નડિયાદ એકેડેમીની ટીમ તૃતીય સ્થાને વિજેતા રહી હતી. પ્રથમ વિજેતાને રૂ.પાંચ લાખનું અને રનર્સ અપ ટીમને રૂ. ૨ લાખનું ઈનામ મળશે. આ બંને ટીમના કોચ બાબુભાઈ ચૌધરી જેઓ શાળાના ટ્રસ્ટી પણ છે તેમણે ખેલાડીઓને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી.

ચિરવિદાય

- સ્વ. રામખિલાદ મોગરલાલ હરીજન, ઉ.વ. ૫૦
- સ્વ. ગોવિંદભાઈ શીવાભાઈ જાદવ, ઉ.વ. ૭૫
- સ્વ. જગદીશભાઈ અમરતલાલ નાયી, ઉ.વ. ૫૧
- સ્વ. ગોપાલજી આતાજી ઠાકોર.